બોલીવૂડ બેસ્ટ

હેન્રી શાસ્ત્રી
henry.shastri@
bombaysamachar.com

# પૈસા ફેંકો, તમાશા દેખો

**હિન્દી ફિલ્મોને દર્શકોની મોહબ્બત અને પૈસાના રણકાર સાથે અત્યંત નિકટનો નાતો રહ્યો છે. તળેટીમાં આંટા મારતો કલાકાર રાતોરાત શિખરે પહોંચી જાય અને સબસે બડા રૂપૈયાનું સત્ય તેને સમજાઈ જાય**

ફિલ્મોદ્યોગ ધનના ઢગલા પર આળોટતી ઇન્ડસ્ટ્રી છે. અહીં પૈસાના અજબગજબ ખેલ વર્ષોથી જોવા મળી રહ્યા છે અને ભવિષ્યમાં પણ જોવા મળશે. કલાકારોનાં મહેનતાણાની વાત કરીએ તો વાત ૨૫૦ રૂપિયાથી વાયા અઢી કરોડ થઈને ૨૫૦ કરોડના ઉંબરે જઈ પહોંચી છે. આમિર, સલમાન, શાહરુખ એક ફિલ્મની અંગત કમાણીનો ૧૫૦ કરોડનો આંકડો પાર કરી ચૂક્યા છે અને 'બાહુબલી-૨'એ જે સપનાં દેખાડ્યા છે એ જોતા વાત ૨૫૦ કરોડે પહોંચતા વાર નહીં લાગે. એવું જ ફિલ્મના બૉક્સ ઑફિસ પર થતા વકરાનું છે. ૨૦૦૮માં ૧૦૦ કરોડ નવાઈની વાત હતી અને આજે ૧૦૦૦ કરોડ હકીકત બની ગઈ છે. એક સમય હતો જ્યારે એક લાખ અને એક કરોડનો આંકડો સાંભળીને આંખો પહોળી થઇ જતી.

## ૨૫૦માં નર્વસ, ૮૦ હજારને ના

'ફિલ્મ ટેક્નિશ્યન કુમુદલાલ ગાંગુલી ઍક્ટર અશોક કુમાર બની જતા તેમનો મહિનાનો પગાર ૭૫ રૂપિયા નક્કી કરવામાં આવ્યો હતો. એ સમયે મુંબઈનું ગામડું ગણાતા મલાડમાં રહેતા શ્રીમાન ગાંગુલી માટે આ બહુ મોટી રકમ હતી. થોડા સમય પછી જ્યારે એનો પગાર ડબલ કરી દેવામાં આવ્યો ત્યારે અશોક કુમાર રાજી રાજી થઇ ગયા. ટૂંક સમયમાં જ આ આંકડો ૨૫૦ રૂપિયા પર પહોંચી જતા નર્વસ થઇ ગયા. ગભરાટમાં પરસેવો છૂટવા લાગ્યો. એ સમય યાદ કરીને તેમણે મને કહ્યું હતું, 'આ બદલાવ મારા માટે અનપેક્ષિત હતો અને હું મૂંઝાઈ ગયો હતો. મેં સ્ટુડિયોના કેશિયર પાસેથી પૈસા લીધા ત્યારે મારા હાથ રીતસરના ધ્રૂજતા હતા. એ પૈસા સાચવીને ક્યાં રાખવા એની મને ખબર નહોતી. હું એવી જગ્યાએ રહેતો હતો જ્યાં એ નાનકડા ઘરમાં એક પલંગ અને ત્રણ ખુરસીઓ સિવાય કંઈ નહોતું. ઘરની બહાર સાવ જંગલ જેવું હતું. જો રાતે ઘરમાં ચોર ઘૂસી આવે અને મારી પાસે અઢીસો રૂપિયા છે એની એમને ખબર પડી જાય તો હું શું કરીશ એ વિચારથી મને કંપારી છૂટી ગઈ. ચોર અને લૂંટારુઓથી મને કાયમ બીક લાગી છે. એટલે મેં મારા પૈસા સાદડી નીચે સંતાડી દીધા. એ રાતે મને ચિત્ર-વિચિત્ર સપનાંઓ આવ્યાં. બીજે દિવસે સવારે ઊઠીને બધા પૈસા પોસ્ટ ઑફિસમાં જમા કરાવી દીધા.'



આ કિસ્સો અશોક કુમાર મને સંભળાવી રહ્યા હતા ત્યારે બહાર કલકત્તાથી આવેલા એક ફિલ્મમેકર તેમને મળવાની રાહ જોતા બેઠા હતા. તેઓ અશોકને સાઈન કરવા એક કૉન્ટ્રેક્ટ તૈયાર કરીને આવ્યા હતા. જોકે અશોકે એના પર સહી સિક્કા ન કર્યા કારણ કે નિર્માતા ૮૦ હજાર ઑફર કરી રહ્યા હતા, જ્યારે અશોકની માગણી એક લાખ રૂપિયાની હતી. વિચાર કરો કે આ એ જ માણસ હતો કે જેને થોડાં વર્ષો પહેલાં ૨૫૦ રૂપિયાનું શું કરવું એની ખબર નહોતી.'

આ શબ્દો અને આ વર્ણન લઘુકથા માટે ખૂબ જ જાણીતા અને આદરનું સ્થાન ધરાવનાર સઆદત હસન મંટોના છે. મુખ્યત્વે ઉર્દૂ ભાષામાં લખાણ કરનારા આ સર્જકે વાર્તાઓ લખવા ઉપરાંત રેડિયો અને ફિલ્મો માટે પણ કલમ ચલાવી છે. મંટો એક સિદ્ધહસ્ત લેખક હોવા ઉપરાંત અશોક કુમારના નિકટના મિત્ર પણ હતા. મંટોએ પણ બૉમ્બે ટૉકીઝમાં કામ કર્યું હતું. તેમણે 'સ્ટાર્સ ફ્રોમ અનધર સ્કાય' નામના અંગ્રેજી પુસ્તક (Stars from Another Sky: The Bombay Film World in the 1940s)માં અશોકક કુમારના રેખા ચિત્રમાં ઉપર જણાવેલી વાત રજૂ કરવામાં આવી છે. અશોક કુમારને ઘણા લોકો હિન્દી ફિલ્મોના પ્રથમ સ્ટાર માને છે. એવું માનવામાં આવે છે કે સ્ટુડિયો દ્વારા કલાકારોને ચૂકવાતા પગારની સીમા તોડીને ઝાઝા પૈસા માગનારા તેઓ પ્રથમ અભિનેતા હતા.

## ૧૦૦ ફિલ્મ અને સાઈનિંગ અમાઉન્ટ

રાજ કપૂરના ભાઈ હોવા છતાં, એમના વખતમાં હીરો માટે જરૂરી એવો રૂપાળો ચહેરો હોવા છતાં તેમ જ અભિનયની આવડત હોવા છતાં શશી કપૂરે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ખૂબ સ્ટ્રગલ કરવી પડી છે. ૧૯૬૧માં યશ ચોપરા દિગ્દર્શિત ફ્લૉપ ફિલ્મ 'ધર્મપુત્ર'થી હીરો તરીકેની કારકિર્દી શરૂ કરનારા આ અભિનેતા માટે દોઢ દાયકો કભી ખુશી કભી ગમ જેવો રહ્યો હતો. આર્થિક સ્થિરતા પણ બહુ સારી નહોતી. ૧૯૭૫માં આવી 'દીવાર' અને એ ફિલ્મમાં 'મેરે પાસ માં હૈ' જેવો અજરામર સંવાદ બોલનારા શશી કપૂર માટે 'મેરે પાસ ઢેર સારી ફિલ્મે હૈં' એવું રિયલ લાઈફમાં બોલવાનો વારો આવી ગયો. એ સમયે ચર્ચાયેલી વાત પ્રમાણે ઇન્સ્પેક્ટર રવિ વર્માએ (શશી કપૂરના 'દીવાર'ના પાત્રનું નામ) ઊંધું ઘાલીને પાંચ પચીસ નહીં પણ પૂરી સો, જી હા ૧૦૦ ફિલ્મો ધડાધડ સાઈન કરી નાખી. એ સમયે ફિલ્મ સાઈન કરતી વખતે સાઈનિંગ અમાઉન્ટ આપવાનો રિવાજ હતો અને જો કોઈ કારણસર એ ફિલ્મ શરૂ ન થઇ શકે તો એ સાઈનિંગ અમાઉન્ટના પૈસા પર અભિનેતાનો જ હક રહેતો. એ પૈસા પરત કરવાના નહોતા. વાયકા પ્રમાણે 'દીવાર'ની સફળતા પછી શશીજી સાઈનિંગ અમાઉન્ટ તરીકે દસથી પંદર હજાર રૂપિયા લેતા થઇ ગયા હતા. એટલે ફિલ્મ ફ્લોર પર જવા પહેલા જ તેમની પાસે ૧૦ લાખ રૂપિયા આવી ગયા. આ વાત છે ૧૯૭૫ની અને એ પણ ટોચનું સ્થાન ન ધરાવતા અભિનેતાના જીવનની. તેમના જ જીવનનો બીજો એક કિસ્સો જોઈએ. શશી કપૂરે નાણાકીય બેહાલીમાંથી બહાર નીકળવા તેમણે 'અજુબા' નામની ફેન્ટસી ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન કર્યું હતું. ફિલ્મમાં તેઓ તેમના પ્રિય મિત્ર અને એ સમયના ટોચના સ્ટાર અમિતાભ બચ્ચનને લેવા માગતા હતા, પણ પૈસાની એવી ખેંચ હતી કે અમિતજીની માર્કેટ પ્રાઇસ ચૂકવે તો ફિલ્મ બનાવવાનું માંડી વાળવું પડે. દોસ્તીદાવે અમિતજી એક પણ પૈસો લીધા વિના વિનામૂલ્ય કામ કરવા તૈયાર પણ થઇ જાય. જોકે, સ્વમાની શશી કપૂરને એ મંજૂર નહોતું. વાત પહોંચી બચ્ચન પાસે અને એમણે શશી કપૂરનું સ્વમાન જળવાઈ રહે એવો રસ્તો કાઢી આપ્યો. તેમણે મહેનતાણા પેટે એક પણ પૈસો ન લીધો અને એક આખી ટેરિટરીમાં જે કમાણી થાય એ લેવાની તૈયારી બતાવી અને શશીજીએ એ વાત હોંશે હોંશે સ્વીકારી લીધી. જોકે, ફિલ્મ સુપરફ્લૉપ થઈ એ વાત અલગ છે. વાત છે પૈસાના ખેલની, એની ગોઠવણની. અશોક કુમાર અને શશી કપૂરની કમાણીની રસપ્રદ વાતો ઉપરાંત બીજી રસપ્રદ વાતો આવતા અંકે.



(ક્રમશઃ) ■

# પારિવારિક ફિલ્મસંગીતના જાદુગર

**રામ લક્ષ્મણની સંગીતમય સફર ઑર્કેસ્ટ્રાથી લઈને ફિલ્મસંગીત સુધી ચાલી**

સરગમ

અનિલ રાવલ
anil.rawal@
bombaysamachar.com

સંગીતને અનુભવી શકાય, મન તરબતર થાય ત્યાં સુધી આ કંઠ માણી શકાય, સમજી પણ શકાય સંગીતને, પરંતુ લખીને સમજાવવું અશક્ય છે. એમાંય ફિલ્મ સંગીત સમયાંતર બદલાતું રહ્યું છે. સંગીતકાર ધૂન તૈયાર કરે, ગીતકાર-શાયર શબ્દોથી સજાવે અને અરેન્જર એમાં ઈન્સ્ટ્રુમેન્ટેશન એટલે કે વાજિંત્રીકરણ કરીને એમાં વધુ પ્રાણ પૂરે અને અંતે રેકોર્ડિંગ થયા બાદ લોકોના કાનને આ ગીત-સંગીત અથડાય ત્યારે એ ગીત કેટલું હિટ થશે એ નક્કી થાય. આ આખી પ્રક્રિયા અદ્‌ભુત આનંદ આપી જનારી છે. સર્જકોને આ સર્જન પ્રક્રિયાનો આનંદ મળતો જ હશે, પણ સંગીત રસિકો જ્યારે જ્યારે ગીત સાંભળે ત્યારે એનો વિશેષ આનંદ માણતા હશે.

દરેક સંગીતકારે આ દોરમાંથી પસાર થવાનું હોય છે. કેટલાકનો સમય લાંબો રહે છે તો કોઈ ટૂંકા સમયમાં પોતાનો જાદુ બતાવી તખ્તા પરથી હટી જતા હોય છે.

આવા જ એક સંગીતકાર રામ લક્ષ્મણ છે. રામ લક્ષ્મણનું નામ સાંભળતા જ

*દિલ દિવાના બિન સજના કે માને ના*
*યે પગલા હૈ સમજાને સે સમજે ના*
(ફિલ્મઃ મૈને પ્યાર કિયા, ગાયકઃ પી. બાલાસુબ્રમણ્યમ - લતા મંગેશકર,)
*દીદી તેરા દેવર દિવાના*
*હાય રામ કુડિયો કો ડાલે દાના*
(ફિલ્મઃ હમ આપ કે હૈ કૌન, ગાયકઃ લતા મંગેશકર, પી. બાલા સુબ્રમણ્યમ,)
*મેરે રંગ મેં રંગ ને વાલી*
*પરિ હો યા હો પરિયોં કી રાની*
(ફિલ્મઃ મૈને પ્યાર કિયા, ગાયકઃ પી. બાલા સુબ્રમણ્યમ)
*દેવા હો દેવા ગણપતિ દેવા તૂમ સે*
*બઢકર કૌન, સ્વામી બઢકર કૌન*
(ફિલ્મઃ હમ સે બઢકર કૌન, ગાયકઃ મોહમ્મદ રફી, શૈલેન્દ્ર સિંહ, ભૂપિન્દર, સપન ચક્રવર્તી અને આશા ભોસલે)
*કબૂતર જા જા જા*
*પહેલે પ્યાર કી પહેલી ચિઠ્ઠી સાજન કો દે આ*
(ફિલ્મઃ મૈને પ્યાર કિયા, ગાયકઃ લતા મંગેશકર)

રામ લક્ષ્મણે આ અને આવાં અઢળક ગીતોથી ધૂમ મચાવી દીધી હતી. એમાંય રાજશ્રી ફિલ્મ્સમાં એમને એન્ટ્રી મળી ત્યારબાદ એમનો સિતારો ચમક્યો હતો. રાજશ્રી પ્રોડક્સનના દિગ્દર્શક સૂરજ બડજાત્યાની ફિલ્મ 'મૈંને પ્યાર કિયા'એ રામ લક્ષ્મણ નામના નાનકડા કિરણને સૂરજમાં ફેરવી નાખ્યું હતું.

આ ફિલ્મે એમને શ્રેષ્ઠ સંગીતકારનો ફિલ્મ ફેર એવૉર્ડ અપાવ્યો હતો. તેર એવૉર્ડ માટે નોમિનેટ થયેલી 'મૈંને પ્યાર કિયા' ફિલ્મને સાત એવૉર્ડ મળ્યા હતા. સંગીતની કેટેગરીમાં શ્રેષ્ઠ સંગીતકાર ઉપરાંત શ્રેષ્ઠ ગાયક તેમ જ શ્રેષ્ઠ ગીતકારના એવૉર્ડ મળ્યા હતા અને ૧૯૮૮થી ૧૯૯૫ સુધી સલમાન ખાનને પ્લેબૅક આપનારા વૉઈસ તરીકે પી. બાલા સુબ્રમણ્યમ ઍસ્ટાબ્લિશ થયા હતા. એ દોરમાં ૭૫ જેટલી હિન્દી, મરાઠી અને ભોજપુરી ફિલ્મોમાં જબરદસ્ત હિટ ગીતો આપનારા આ રામ લક્ષ્મણ કોણ છે? રામ એટલે સુરેન્દ્ર હેન્રે અને લક્ષ્મણ એટલે વિજય પાટિલ.

સુરેન્દ્ર અને વિજય બન્ને મધુમતી ઑર્કેસ્ટ્રામાં વગાડતા હતા. સુરેન્દ્ર વાંસળીવાદક અને વિજય ખૂબ જ સારા એકોર્ડિયનવાદક હતા. ઑર્કેસ્ટ્રાના એ જમાનામાં વિજયની ગીત ગાતા ગાતા એકોર્ડિયન વગાડવાની માસ્ટરી હતી. એનું એક ગીત ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. *જિયા ઓ જિયા ઓ કુછ બોલ દો, અરે હો દિલ કા પરદા ખોલ દો.* વિજય આ ગીત ન ગાય ત્યાં સુધી ઑર્કેસ્ટ્રાનો પ્રોગ્રામ અધૂરો ગણાય. અમર-વિજય નામનું એમનું પોતાનું પણ ઑર્કેસ્ટ્રા હતું. રામ લક્ષ્મણનું નામ આવે એટલે એમની સાથે મોટાભાગની ફિલ્મોમાં ગીતકાર તરીકે હંમેશાં સંકળાયેલા રહેલા ગીતકાર રવીન્દ્ર રાવલનું નામ અચૂક લેવું પડે. અત્યારે રામ લક્ષ્મણ નાદુરસ્ત તબિયતને લીધે મુલાકાત આપવાનું ટાળે છે, પરંતુ એમના આ સાથીદાર રવીન્દ્ર રાવલે જણાવ્યું કે 'અમારો સંગાથ લગભગ ૧૯૬૭થી છે. રઘુવીર સેહગલ નામના એકોર્ડિયનવાદકે રામભાઈ ત્રિવેદીના કલ્યાણ સંગીત વિદ્યાલયમાં અમારો પરિચય કરાવ્યો ત્યારે સૌ પ્રથમ અમે એક જ ગામ - શહેર નાગપુરના છીએ એની જાણ થઈ. પછી સંબંધો વધુ ને વધુ ગાઢ બન્યા.'

રામ લક્ષ્મણની જોડીની વાત કરતા તેઓ અતીતમાં પ્રવેશે છે.

રામ એટલે કે સુરેન્દ્રનો લગાવ વેસ્ટર્ન મ્યુઝિક તરફ વધુ હતો. જોકે તેઓ એક અચ્છા વાંસળીવાદક હતા. 'એજન્ટ વિનોદ' નામની હિન્દી ફિલ્મ (સૈફ અલી ખાનવાળી નહિ) સાઈન કર્યા પછી રામ આ ફિલ્મના ચાર ગીતના રેકોર્ડિંગમાં પણ સાથે હતા. આ ફિલ્મનાં તમામ ગીતો મેં લખ્યાં છે.

એ જ વખતે દાદા કોંડકેની એમને બીજી ફિલ્મ 'એકટા જીવ સદાશિવ' પણ કરી હતી અને એના પ્રીમિયર શૉમાં પણ તેઓ હાજર હતા, પરંતુ એમને કિડનીની તકલીફ હોવાથી અચાનક અમારી વચ્ચેથી વિદાય લીધી. ત્યાર બાદ રામ લક્ષ્મણને નામે વિજયે સંગીત આપવાનું ચાલુ રાખ્યું.'

રવીન્દ્ર રાવલ જણાવે છે કે સંઘર્ષના દિવસો હતા. રાજશ્રી ફિલ્મ્સના માલિકો હંમેશાં રામ લક્ષ્મણને કહેતા અમે નવા સંગીતકારોને ચાન્સ નથી આપતા. તમે એક ફિલ્મ બહાર કરીને આવો પછી જ જોઈએ. રાજશ્રીમાં એન્ટ્રી મળ્યા બાદનો રામ લક્ષ્મણના સૂરીલા તરખાટે ઈતિહાસ રચ્યો હતો. રાજશ્રી પ્રોડક્સનની પારિવારિક - સંસ્કારી ફિલ્મોમાં કૌટુંબિક ભાવનાઓ પ્રેરતાં ગીતો બનાવવાનું શ્રેય રામ લક્ષ્મણને અવશ્ય મળે.



હકીકતમાં મરાઠી ફિલ્મોના કૉમેડિયન કલાકાર-દિગ્દર્શક દાદા કોંડકે એમના ઑર્કેસ્ટ્રા જોવા-માણવા માટે જતા ત્યારથી જ તેનાથી પ્રભાવિત હતા. ત્યાર પછી દાદાએ જ્યારે પોતાની 'પાંડુ હવાલદાર' નામની ફિલ્મ બનાવી ત્યારે સંગીતકાર તરીકે એમને સાઈન કર્યા. આ ફિલ્મની સફળતા બાદ દાદાએ રામ લક્ષ્મણને છોડ્યા નહિ. દાદા જીવ્યા ત્યાં સુધી એમની તમામ ફિલ્મોમાં રામ લક્ષ્મણે સંગીત આપ્યું. મરાઠી ફિલ્મોમાં રામ લક્ષ્મણ હિટ બેલડી સાબિત થઈ. હિન્દી ફિલ્મોમાં 'એજન્ટ વિનોદ'ના દિગ્દર્શક દીપક બાહરીએ પણ દાદા કોંડકેની જેમ રામ લક્ષ્મણની જોડીને ઘણી ફિલ્મો આપી હતી. 'તરાના', 'પથ્થર', 'વો જો હસીના' જેવી અન્ય કેટલીક બાહરીની ફિલ્મોમાં રામ લક્ષ્મણે ગીતો આપ્યાં.

'તરાના' ફિલ્મનો ઉલ્લેખ થતાં જ રવીન્દ્ર રાવલને અન્ય એક ગીતકાર તિલક રાજ થાપરનું નામ સાંભરે છે, તેમણે કહ્યું 'તરાના ફિલ્મમાં મારી સાથે અન્ય એક ગીતકાર તિલકરાજ થાપર હતા. એમનાં ચાર ગીતો હતાં અને બાકીનાં ગીતો મેં લખ્યાં હતાં. આ ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ એમનું નિધન થયું ને એમણે અચાનક ઍક્ઝિટ લીધી. રામ લક્ષ્મણની સાથે એમનો નાતો મારી પણ પહેલાનો હતો. એમણે જ રામ લક્ષ્મણને સંગીતકાર બનવાની પ્રેરણા આપી હતી. રવીન્દ્ર રાવલની જેમ જ રામ લક્ષ્મણના ગીત-સંગીતને અનુરૂપ ગીતો લખનારા દેવ કોહલી તથા અસદ ભોપાલી પણ હતા. રામ લક્ષ્મણની સફળતામાં એમનો ફાળો પણ છે. રામ લક્ષ્મણ સાથે અમારી છેલ્લી ફિલ્મ ૨૦૦૧ની દુલ્હન બનુ મૈં તેરી (દિગ્દર્શક બી. સુભાષ) હતી. ત્યાર બાદ ધીરે ધીરે કામ બંધ થયું, પરંતુ અમારું એસોસિયેશન હજી પણ ચાલુ છે.'

રામ લક્ષ્મણે બી.સુભાષ ઉપરાંત મહેશ ભટ્ટ (સાતવાં આસમાન), પ્રિયદર્શન (મુસ્કુરાહટ), પાર્થો ઘોષ (૧૦૦ ડેયઝ), અનિલ ગાંગુલી (દિલ કી બાઝી)ની ફિલ્મોમાં સંગીત આપ્યું છે. સંગીતકારોની સાથે હંમેશાં સંકળાયેલા રહેતા ગીતકારો એમની સંગીત સફરના સાથી હોય છે એમનું યોગદાન પણ કમ નથી હોતું. રવીન્દ્રજીએ રામ લક્ષ્મણ સાથેની સંગીતસફરની થોડી ઝલક આપી એનાથી રામ લક્ષ્મણની સંગીતયાત્રા વધુ રસપ્રદ બની રહી. ■

# કલાકાર પ્રતિભાશાળી, પણ કરિયરમાં નિષ્ફળઃ લકી અલી

**લકી અલી કારકિર્દીની શરૂઆતથી જ જાણે મૂંઝાયેલો હોય એમ તેણે ટુકડે ટુકડે જ અભિનય કર્યો છે. અભિનય કારકિર્દી પ્રત્યે જો થોડો ગંભીર હોત તો તે નામના મેળવી શક્યો હોત**

કહાં ગયે વો લોગ

ઉમેશ ત્રિવેદી
umesh.trivedi@
bombaysamachar.com

અભિનેતા, ગાયક, ગીતકાર, મ્યુઝિશિયન, કમ્પોઝર અને વીડિયો આલ્બમના નિર્માતા તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતો હોવા છતાં બોલીવૂડમાંથી ગુમ થઇ ગયેલો? લકી અલી થોડા થોડા સમયે આવીને ચમકારો દાખવી જાય છે. પણ એક અભિનેતા તરીકેની કારકિર્દીને તેણે ક્યારેય ગંભીરતાથી લીધી ન હોવાથી છેલ્લે તે સાત વર્ષ પહેલાં 'રનવે' નામની ફિલ્મમાં દેખાયો હતો.



જોકે લકી અલીની અત્યારે ઉંમર પણ રહી નથી કે તેને કોઇ મુખ્ય પાત્ર આપે. પણ કારકિર્દીની શરૂઆતથી જ તે જાણે મૂંઝાયેલો હોય એમ તેણે ટુકડે ટુકડે જ અભિનય કર્યો છે. નહીતર તે અભિનય કારકિર્દી પ્રત્યે જો થોડો ગંભીર હોત તો તે નામના મેળવી શકયો હોત.

૧૯૬૦-૭૦ના દાયકાના સૌથી લોકપ્રિય કલાકાર-નિર્માતા મહેમૂદનો પુત્ર હોવાનો પણ તેને સારો લાભ મળ્યો હોત. ૧૯૬૨થી લકી અલીએ એક અભિનેતા તરીકેની કારકિર્દી શરૂ કરી હતી. તે સમયે તેણે બાળકલાકાર તરીકે ચમકારો દાખવ્યો હતો. 'છોટે નવાબ' નામની ફિલ્મ વખતે તેની ઉંમર માત્ર ચાર જ વર્ષની હતી.

બોલીવૂડના અભિનેતા મહેમૂદના આઠ સંતાન હતાં, તેમાંથી લકી અલી (સાચું નામ મકસુદ મહેમૂદ અલી) બીજું સંતાન હતો. તે મીનાકુમારીની બહેન માહેલકાનો પુત્ર હતો. માહેલકા બંગાળી અને પઠાણ જાતિની હતી. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૫૮માં જન્મેલા લકી અલીએ બાળકલાકાર ત્યાર બાદ ટીનએજ કલાકાર અને ત્યાર બાદ યુવા કલાકાર તરીકે ફિલ્મો કરી છે, પણ કદાચ તેને પોતાને અભિનયમાં રસ નહી હોય એટલે ૧૯૬૨થી કરીને ૨૦૦૯ સુધીના ૪૭ વર્ષમાં તેણે માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલી જ ફિલ્મોમાં અભિનય કર્યો છે.

તેણે કરેલી ફિલ્મોમાં છોટે નવાબ, કુંવારા બાપ, યહી હૈ જિંદગી, જીની ઔર જ્હોની, કિતાબ, હમારે તુમ્હારે અને ત્રિકાલ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. 'ત્રિકાલ' પછી તે લગભગ ૧૭ વર્ષ સુધી રૂપેરી પડદાથી ગાયબ થઇ ગયો અને પછી ૨૦૦૨માં તેની 'સુર' અને 'કાંટે' જેવી ફિલ્મો આવી હતી. 'કાંટે' એક મલ્ટીસ્ટારર ફિલ્મ હતી. જેમાં અમિતાભ બચ્ચન, સંજય દત્ત, કુમાર ગૌરવ, સુનીલ શેટ્ટી અને મહેશ માંજરેકર જેવા કલાકારો હતા.

ત્યારબાદ ૨૦૦૩માં તેની લવ એટ ટાઇમ્સ સ્ક્વેર, ૨૦૦૫માં કસક, ૨૦૦૮માં ગુડલક અને ૨૦૦૯માં રનવે જેવી ફિલ્મો આવી હતી. આ જ દરમિયાન તેણે ગાયક તરીકે પણ અનોખી નામના મેળવી હતી.

એક અભિનેતા તરીકે તેણે ટેલિવિઝન સિરિયલોમાં પણ અભિનય કર્યો છે. તેમાં ખૂબ જ લોકપ્રિય એવી 'ભારત એક ખોજ' અને 'કથાસાગર'ની સાથે જ 'જરા હટકે' નો સમાવેશ થાય છે.

એક પાર્શ્વગાયક તરીકે તેણે ૧૯૭૮માં આવેલી ફિલ્મ 'એક બાપ છ બેટે'થી શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં કલાકાર તરીકે મહેમૂદ અને તેનાં છ પુત્રોએ અભિનય કર્યો હતો, જેમાં લકી અલીનો પણ સમાવેશ થતો હતો. ત્યાર બાદ તેણે 'દુશ્મન દુનિયા કા'માં ગીત ગાયા હતાં. આ ફિલ્મના નિર્માતા- દિગ્દર્શક-મહેમૂદ હતા અને તેમા લકીનો ભાઇ મન્ઝુર અલી કામ કરતો હતો.

લકી અલીએ એ. આર. રહેમાન, વિશાલ ભારદ્વાજ, વિશાલ શેખર, રાજેશ રોશન, પ્રશાંત પિલ્લાઇ, રાજીવ ભલ્લા જેવા સંગીતકારો સાથે કામ કર્યું છે. પોતે જેમાં અભિનય કર્યો હોય એવી ફિલ્મોમાં તેણે પોતાના પર ફિલ્માવાયેલા ગીતો પોતે જ ગાયા હતાં.

એક પાર્શ્વગાયક તરીકે તેને સૌથી વધારે સફળતા રિતિક રોશન અભિનીત ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' માં મળી હતી. રિતિક રોશનની આ પ્રથમ જ ફિલ્મ હોવાથી રિતિકે તેનો અવાજ એકદમ ફિટ બેઠો હતો અને ફિલ્મનાં ગીતો પણ ખૂબ જ લોકપ્રિય થયા હતાં.

આ ફિલ્મમાં બાબુલ સુપ્રિયો, કુમાર શાનુ, ઉદિત નારાયણ, અભિજિત જેવાં ગાયક કલાકારો હોવા છતાં લકી અલીએ ગાયેલાં ગીત 'ના તૂમ જાનો ના હમ' અને 'એક પલ કા જીના'માં તેનાં અવાજને લોકોએ વખાણ્યો હતો.

લકી અલીએ એક ગાયક તરીકે 'કહો ના પ્યાર હૈ' ઉપરાંત 'કભી ઐસા લગતા હૈ' સુરઃ ધ મેલડી ઓફ લાઇફ, ભોપાલ એક્સપ્રેસ, યુવા રોડ -ધ મુવી. કસક, કાંટે, બચના હસીનો, તમાશા, અન્જાના-અન્જાની. જેવી ફિલ્મોમાં ગીતો ગાયા હતાં. આ ઉપરાંત સુનો, સિફર, અકસ, ગોરી તેરી આંખોમે જેવા મ્યુઝીક આલ્બમનો સમાવેશ થાય છે.

લકી અલી ત્રણ વાર પરણ્યો છે અને તે પાંચ સંતાનોનો પિતા છે. તેની પ્રથમ પત્ની ન્યૂઝીલેન્ડની મેઘન જેન મેકલેરી હતી. જે લકી અલીના પહેલાં આલ્બમ 'સુનો'માં 'ઓ સનમ' નામના વીડિયોમાં દેખાઇ હતી. પહેલી પત્નીના બે સંતાન તાવુઝ અને તસ્મીયા છે. ત્યાર બાદ તે અનાહિતા નામની પારસી છોકરીને પરણ્યો હતો. તેનાથી પણ બે સંતાન સારા અને રૈયાન થયાં છે. છેલ્લે તે ૨૦૧૦માં બ્રિટિશ મૉડેલ અને ભૂતપૂર્વ બ્યુટી ક્વિન કેટ એલિઝાબેથ હલ્લામને પરણ્યો છે. તેમનું એક સંતાન દાની મકસુદ અલી છે.

પિતા મહેમૂદની જેમ જ લકી અલીને ઘોડા ઉછેરવાનો પણ શોખ છે. આ ઉપરાંત તેને ખેતીમાં અને ખાસ કરીને ઓર્ગેનિક ખેતીમાં વધારે રસ છે.

લકી અલીના જિંદગીનો એક કિસ્સો માણવા જેવો છે. મહેમૂદ ૧૯૬૦ અને ૭૦ના દાયકામાં ખૂબ જ બીઝી સ્ટાર હતો, તેથી દિવસોના દિવસ સુધી તેને શૂટિંગને કારણે ઘરથી દૂર રહેવું પડતું હતું. તે સમયે લકીને ભણવા માટે બોર્ડિંગ સ્કૂલમાં મોકલવામાં આવ્યો હતો. તે પહેલી જ વાર ૧૦ મહિના બોર્ડિંગમાં રહીને ઘરે પાછો ફરી રહ્યો હતો. ત્યારે તેને લેવા માટે મહેમૂદ આખા કુટુંબ સાથે એરપોર્ટ પર ગયો હતો. ત્યારે તે પિતાને ઓળખી શકયો નહોતો. 'આ તો હિન્દી ફિલ્મના લોકપ્રિય અભિનેતા મહેમૂદ છે', એમ તેણે કહ્યું હતું. પણ મહેમૂદ જ તેના પિતા છે એની તેને જાણ નહોતી કે તે પિતા તરીકે ઓળખી શકયો નહોતો.

મસુરીમાં આવેલી બોર્ડિંગ શાળામાં ભણતી વખતે લકીને મારીજુઆના નામના કેફી દ્રવ્યની લત લાગી ગઇ હતી. તેના પરથી જ મહેમૂદે 'દુશ્મન દુનિયા કા' નામની ફિલ્મની વાર્તા લખી હતી પણ લકીએ તેમાં કામ કરવાનો ઇનકાર કરી દીધો હતો. પછી એ ફિલ્મમાં તેના નાના ભાઇ મન્ઝુર અલીએ ભૂમિકા કરી હતી.

આમ ગાયક, અભિનેતા, ગીતકાર, સંગીતકાર, નિર્માતા લકી અલીની કારકિર્દી ન તો અભિનેતા તરીકે જામી, ન પાર્શ્વગાયક તરીકે કે ન નિર્માતા તરીકે, તેનું મુખ્ય કારણ એ જ છે કે તેણે પોતાની કારકિર્દી પ્રત્યે ગંભીરતાથી ધ્યાન જ આપ્યું નથી. ■